# કેજરીવાલના ગડકરી પર આકરા પ્રહારો

નવી દિલ્હી, તા. ૧૭

દેશના અગ્રણી રાજકારણીના કૌભાંડમાં સામેલગીરીના પર્દાફાશ કરી રહેલ અરવિંદ કેજરીવાલે આજે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરી સંદર્ભે ખુલાસો કર્યો હતો. ગત મહિને મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપનાર અજીત પવારને સંડોવતાં સિંચાઇ કૌભાંડમાં નીતિન ગડકરી પણ સામેલ હોવાનો ઘટસ્ફોટ હોવાનો કેજરીવાલે કર્યો હતો. કેજરીવાલે પત્રકાર પરિષદને સંબોધન કરતાં કહ્યું હતું કે, ગડકરી મહારાષ્ટ્રમાં મોટો વેપાર ઉદ્યોગ ધરાવે છે. દેશની જનતા જાણવા માંગે છે કે તેમના વેપાર અને ખેડૂતોના હિતો વચ્ચે ટક્કર છે કે નહીં. કેજરીવાલે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં થયેલ સિંચાઇ કૌભાંડમાં કોંગ્રેસ અને ભાજપની મીલિભગત છે. આરટીઆઇ એક્ટીવીસ્ટ અંજલી દમાનીયાએ સિંચાઇ કૌભાંડ સંદર્ભે નીતિન ગડકરીને મળી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ શરદ પવાર સાથે સારા સંબંધ ધરાવે છે. કેજરીવાલે કહ્યું હતું કે, નીતિન ગડકરીના કહેવા પર જ અજીત પવારે ગડકરીની સંસ્થાને બંધ માટે ખેડૂતોની ૧૦૦ એકર



ફાલતુ જમીન ઉપલબ્ધ કરાવવામાં આવી. જ્યાં આજે ખેતી થઈ રહી છે. બંધ માટે ફાલતુ જમીન ખેડૂતો પાસે લેવામાં આવી હતી અને તેને પરત આપવામાં આવી નથી. નોંધનીય બાબત એ છે કે ગડકરીની સંસ્થાને આ જમીન માત્ર ચાર દિવસમાં જ ફાળવી દેવામાં આવી હતી.

કહેવાનો અર્થ એ છે કે ખેડૂતોના હિત ઉપર ગડકરીની સંસ્થાની તરફેણ કરવામાં આવી છે. કહેવામાં એ આવે છે કે જે ડેમ બનશે તેનાથી ખેડૂતોની ખેતીને સિંચાઇ મળશે પરંતુ ડેમનું પાણીનો સિંચાઇનો ઉપયોગ થયો નથી. આ પાણીનો ઉપયોગ વેપારી ઉદ્યોગો કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અરવિંદ કેજરીવાલે જનલોકપાલ બિલ મુદ્દે દેશભરમાં ચળવળ ચલાવનાર અન્ના હજારે સાથે છેડો ફાડીને ગત મહિને અલગ રાજકીય પક્ષ સ્થાપવાની જાહેરાત કરી હતી. ગત સપ્તાહે તેઓએ કેન્દ્રીય કાયદા મંત્રી સલમાન ખુરશીદ વિરુદ્ધ ગેરરીતિ આચરવાના આક્ષેપો કર્યા હતા. સલમાન ખુરશીદ અને તેમની પત્ની લુઇસ ખુરશીદે પોતાના ટ્રસ્ટમાં ગેરરીતિ આચરી હોવાના પુરાવા કેજરીવાલે પત્રકાર પરિષદમાં રજૂ કર્યા હતા.

**તહેવાર દરમિયાન દુર્ઘટનાને ટાળવાનો હેતુ**

## યાત્રામાં જ્વલનશીલ સામગ્રી ન રાખવાનો રેલવેનો આદેશ

નવી દિલ્હી, તા. ૧૭

દિવાળીની સીઝન દરમ્યાન પ્રવાસીઓ મોટી સંખ્યામાં રેલવેનો ઉપયોગ કરવાના છે. જેને ધ્યાનમાં રાખીને ટ્રેનમાં મુસાફરી દરમ્યાન જ્વલનશીલ સામગ્રી ન રાખવા પ્રવાસીઓને રેલવેએ નિર્દેશ કર્યો છે. આ મુદ્દે કાયદાનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરીને જેલ પણ મોકલવામાં આવી શકે છે. ભારતીય રેલવેએ એક યાદીમાં જણાવ્યું છે કે યાત્રીઓએ પણ પોતાના સહમુસાફરોને ફટાકડાં, ગેસસિલિન્ડર, એસીડ, પેટ્રોલ, કેરોસીન, સૂકા ઘાસ, પાંદડા, સગડી અને પ્રાયમસ જેવી જ્વલનશીલ સામગ્રી લઈ જતા રોકવા જોઈએ. યાદી અનુસાર ટ્રેનોમાં ઉપરોક્ત જ્વલનશીલ સામગ્રી લઈ જવા પર રેલવે અધિનિયમની કલમ ૧૬૪ હેઠળ દંડનીય ગુનો નોંધાશે. દોષિતને કલમ હેઠળ ૩ વર્ષની કેદ અને એક હજાર રૂપિયાનો દંડ અથવા બંને સજા કરવામાં આવી શકે છે. રેલવેએ યાત્રીઓને સુવિધા માટે હેલ્પલાઈન નંબર આપ્યા છે. જે ૦૧૧-૨૩૩૦૩૯૮૨, ૦૧૧-૨૩૩૦૩૯૮૩, ૦૧૧-૨૩૩૦૩૭૪૮ છે. કર્ણાટકના ગુલબર્ગમાં ટ્રેનમાં થયેલી આગની ઘટનાના બીજા દિવસે રેલવેએ આ અપીલ કરી છે. આગના કારણો જાણવા તપાસના આદેશ આપી દેવાયા છે. સૂત્રોએ કહ્યું હતું કે, યાત્રી જ્વલનશીલ સામગ્રી લઈ જતા હતા કે નહીં તેની પણ તપાસ થશે. આ ઘટનાનાં બે યાત્રાળુઓના દાઝી જવાથી મોત થયા હતા. જ્યારે ૯ દાઝી ગયા હતા. હૈદરાબાદથી સોલાપુર જઈ રહેલ ફલકનુમા ગાડીના એક સામાન્ય શ્રેણીના ડબ્બામાં થઈ હતી ત્યારે આ ટ્રેન ગુલબર્ગ સ્ટેશન પર ઉભી હતી.

## ઝવેરી બજાર, પૂણે બ્લાસ્ટ બે પાકિસ્તાની શખ્સે કર્યા હતા

નવી દિલ્હી,તા.૧૭

મુંબઈમાં ૧૩મી જુલાઈ ૨૦૧૧ના દિવસે થયેલા ઝવેરી બજાર બોમ્બ બ્લાસ્ટ અને ૧લી ઓગસ્ટ ૨૦૧૨ના દિવસે થયેલા પૂણેમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ એક જ પાકિસ્તાની ટૂંકડી દ્વારા કરવામાં આવી હોવાની માહિતી સપાટી ઉપર આવી છે.

ઈન્ટલિજન્સ સંસ્થાઓ દ્વારા હાલમાં કરવામાં આવી રહેલી તપાસથી જાણવા મળ્યું છે કે આ બંને બ્લાસ્ટ બે પાકિસ્તાની નાગરિકો દ્વારા કરવામાં આવ્યા હતા. લશ્કરે તોયબા માટે કામ કરતા આ બંને શખ્સો દ્વારા જ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. દેશભરમાં આતંકવાદી કૃત્યોમાં ચાલી રહેલી તપાસમાં આ ઘટનાક્રમથી નવો વળાંક આવી શકે છે. એવું જાણવા મળ્યું છે કે લશ્કરે તોયબાના બે શખ્સો દ્વારા જ આ બ્લાસ્ટ કરાયા હતા. જો કે પોલીસને થાપ આપવા માટે જુદા જુદા નામનો



ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૩મી જુલાઈ ૨૦૧૧ના દિવસે ઝવેરી બજારમાં જે બ્લાસ્ટ થયા હતા તે બ્લાસ્ટ માટે વોન્ટેડ વકાસ અને તબરેજે જ આ વર્ષે ૧લી ઓગસ્ટના દિવસે પૂણેમાં પણ બ્લાસ્ટ કર્યા હતા. પૂણે બ્લાસ્ટમાં તેમના નામ શકીર અને અહેમદ તરીકે આપવામાં આવ્યા હતા. આ બંનેએ પોતાના નામ બ્લાસ્ટ કરતી વેળા બદલી કાઢ્યા હતા. બંને શખ્સો બોમ્બ બનાવવામાં નિષ્ણાંત છે. સાથે સાથે બોમ્બને ઝવેરી બજાર અને પૂણેમાં પ્લાન્ટ પણ આ શખ્સોએ જ કર્યા હતા. પૂણે સિરિયલ બ્લાસ્ટ બદલ દિલ્હી પોલીસ દ્વારા હાલમાં જ ધરપકડ કરવામાં આવેલા ત્રણ શખ્સે અસાદ ખાન, ઈમરાન ખાન અને ફિરોજે શહેર પોલીસને આ બંને બોમ્બરો અંગે પૂછપરછ અંગે માહિતી આપી હતી જેથી આ નવી વિગત સપાટી ઉપર આવી છે.

લશ્કરે તોયબાના ઈશારે આ બ્લાસ્ટ થયા હતા. ઈન્ડિયન મુજાહીદીનના ઝડપાયેલા ત્રણ શખ્સોએ દિલ્હી પોલીસને કહ્યું હતું કે તોયબાના નજીકના શખ્સ ઈકબાલ ભટકલે તેમને ઘણા બધા પ્રશ્નો બોમ્બરોને ન કરવા કહ્યું હતું. દિલ્હી પોલીસના ખાસ સેલે આ બંને શખ્સોના સ્કેચ પણ જારી કર્યા હતા. બોમ્બ બનાવવામાં બંને નિષ્ણાંત છે.

## કેબિનેટ ફેરફારની ચર્ચા વચ્ચે રાહુલ વડાપ્રધાન સિંહને મળ્યા

નવી દિલ્હી,તા. ૧૭

કેન્દ્રિય કેબિનેટમાં ટુંક સમયમાં ફેરફાર કરવામાં આવનાર છે તેવી ચર્ચા વચ્ચે વડાપ્રધાન મનમોહન સિંહ સાથે રાહુલ ગાંધીએ બેઠક કરી હતી. આ બેઠકમાં કયા મુદ્દે ચર્ચા થઇ તે વાત સત્તાવાર રીતે જાણી શકાઇ નથી પરંતુ કેબિનેટમાં રાહુલ ગાંધીના સમાવેશના મામલે બેઠકમાં ચર્ચા થઇ હોવાના અહેવાલ મળ્યા છે. કેબિનેટમાં ફેરફારના મામલે ગઇકાલે વડાપ્રધાન અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સાથે વાતચીત કરી હતી. હવે રાહુલે સિંહ સાથે વાતચીત કરી છે. કેબિનેટમાં સામેલ થવા રાહુલ ગાંધી પર પણ હાલમાં દબાણ છે. કારણ કે કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ રાહુલને કેબિનેટમાં સામેલ કરવામાં આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે. જેથી સિંહ પર પણ દબાણ છે. બીજી બાજુ સિંહ પોતે અનેક વખત કહી ચુક્યા છે કે યુવા નેતાઓએ કેબિનેટમાં સામેલ થઈને મોટી જવાબદારી લેવી જોઈએ. સોનિયા ગાંધી અને મનમોહનસિંહે બેઠકે યોજ્યાના એક દિવસ બાદ આજે આ બેઠક યોજાઇ હતી. છેલ્લા કેટલાક દિવસથી કેબિનેટમાં ફેરફારના વિષય પર ચર્ચા ચાલી રહી છે. કેટલાક ટોચના નેતાઓ જોરદાર લોબિંગ પણ ચલાવી રહ્યા છે. ટીએમસીના નેતાઓ કેબિનેટમાંતી નિકળી ગયા બાદ કેબિનેટમાં જગ્યા ખાલી થઈ છે. બીજી બાજુ કેટલાક પ્રધાનો પાસે વધારેની જવાબદારી છે. ડીએમકેના નેતા રાજા અને દયાનિધી મારન કેબિનેટમાંથી નિકળી ચુક્યા છે. ટુજી કોંભાડમાં તેમના નામ સપાટી પર આવ્યા બાદ આ બન્નેએ રાજીનામુ આપ્યું હતું. કોંગ્રેસના સુત્રો શરૂઆતથી કહી રહ્યા છે કે ફેરફારના ભાગરૂપે મોટા ભાગે સભ્યોની પસંદગી કોંગ્રેસમાંથી જ કરવામાં આવશે. એવી ચર્ચા પણ છે કે કેટલાક યુવા નવા ચહેરાને તક આપવામાં આવીશકે છે. જેમાં રાહુલ, માનિકા ટાગોર અને મિનાક્ષી નટરાજનનો સમાવેશ થાય છે. કેબિનેટમાં કોને સામેલ કરવામાં આવે તે મુદ્દે ચર્ચા પહેલાથી જ થઈરહી છે.

## કરીનાના લગ્નમાં શાહરૂખ અને રતન તાતા સામેલ રહ્યા

મુંબઈ,તા. ૧૭

કરીના કપુર અને સૈફ અલીખાનના લગ્ન થયા બાદ યોજાયેલી ભવ્ય પાર્ટીમાં બોલિવુડના ટોચના કલાકારો અને ઉદ્યોગપતિઓ ઉમટી પડ્યા હતા. રજિસ્ટ્રી લગ્ન કર્યા બાદ સૈફ અને કરીના કપુરે મુંબઈમાં તાજ મહેલ હોટેલ ખાતે લગ્નની વિધી કરી હતી. સવારમાં સાદગી પૂર્વક વિધી યોજયા બાદ સાંજે ભવ્ય પાર્ટી યોજાઇ હતી. આ લગ્ન પ્રસંગે હાજરી આપનારમાં બોલિવુડના કિંગ શાહરૂખખાન, તેની પત્નિ ગૌરી, ઉદ્યોગપતિ રતન તાતા અને કરીના કપુરના નજીકના મિત્રો અને પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. અમૃતા અરોરા, મલાઇકા અરોરા ખાન અને મનિશ મલહોત્રા પણ હાજર રહ્યા હતા. કરીના કપુર પંરપરાગત વસ્ત્રોમાં નજરે પડી હતી. કરીના કપુરે ડિઝાનર રિતુ કુમાર દ્વારા તૈયાર કરવામાં આવેલા વસ્ત્રો પહેર્યા હતા. જ્યારે સૈફ અલી ખાને રાઘવેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી અચકન પહેરી હતી. પાર્ટીમાં કપુર પરિવારના તમામ સભ્યો હાજર રહ્યા હતા. ત્યારબાદ સૈફના પરિવારની ડિનર પાર્ટી પણ રાત્રે યોજાઇ હતી. જેમાં પરિવારના સભ્યો અને ખુબ નજીકના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું ચે. હવે આવતીકાલે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ ભવ્ય રિસિપ્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતાકાલે જે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમા દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. ટોચના નેતાઓ પણ આમાં હાજર રહે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ નજીકના લોકોને આવતીકાલે યોજાનારી પાર્ટી માટેની તૈયારીમાં કહેવામાં આવ્યું છે. જેની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ગઇ છે. મહેમાનોની યાદી તૈયાર કરી લેવામાં આવી છે પરંતુ તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સૈફ અને કરીના છેલ્લા કેટલાક સમયથી એકબીજાના પ્રેમમાં હતા. ગઇકાલે શરૂ થયેલી અભિનંદનની વર્ષા આજે પણ જારી રહી હતી. તમામ ટોચના નેતાઓ શુભેચ્છા આપી રહ્યા છે.

**સખીને પત્ર** (પાના નં. ૪ નું ચાલુ)

આ સંશોધન અનુસાર ૪૦ ટકા લોકો તેમના એટીટ્યૂડના કારણે નોકરી ગુમાવે છે. તેમનું કામ તો બિલકુલ પરફેક્ટ હોય છે પણ સ્વભાવ એવો વિચિત્ર હોય છે કે કોઇનીયે સાથે સખણાં ન રહે. માણસ સમજુ છે કે અણસમજુ એનો હિસાબ પણ એ બીજા માણસ સાથે કઇ રીતે વર્તે છે. તેના પરથી જ નીકળે છે. જે ચાવી લાગે તે ચાવીથી તાળાં ખોલવાનાં હોય છે. આપણે તાળા બદલાવી શકતાં નથી. આપણે જ આપણી પાસે રહેલી અલગ-અલગ ચાવીઓનો ઉપયોગ કરવાનો છે. આ ચાવી એટલે માણસની આવડત. જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવતાં શીખવું. કેટલાંક કામ સોયથી તો કેટલાંક કામ સુયાથી. દાગીના ઘડવા ધીમે ધીમે ટાંકણાં મારવા પડે અને લોઢું વાળવા માટે ઘા.

અરે સખી! લાં...બા... વિચારો મૂક પડતાં. જિંદગીમાં સમજવાનું અને શીખવાનું એટલું જ છે કે આપણાં લોકો ગમે તેવા હોય અંતે તે આપણાં છે. બધાં સરકાં નહિ હોય અને બધાંને આપણે બદલાવી શકતાં નથી. હા! આપણે બદલાઇ શકીએ. બદલાયું એટલે? આપણી તલવારથી આપણી જ ઢાલ પર ઘા કરવાનાં બદલે માણસ સુધી પહોંચવાની કોશિશ કરવી. વાંધો ત્યારે પડે છે જયારે માણસ માણસ સુધી નહિ પણ માણસ માણસને પહોંચવાનો પ્રયાસ કરે છે. તમારાં લોકો પણ તમને પ્રેમ કરતાં હશે બને કે તેમની પ્રેમ કરવાની રીત તમારી પ્રેમ પામવાની રીત કરતાં જુદી હોય. તમે બદલાશો તો જગ બદલાશે. આપણાં સંબંધો આપણાં હાથની વાત હોય છે. આપણાં લોકોને દિલથી જીતવાનો મતલબ એટલે જિંદગી જીતવાનો મતલબ. ગની દહીંવાલા સરસ વાત કરે છે -

**"ન ધરા સુધી ન ગગન સુધી,**
**નહીં ઉન્નતિ ના પતન સુધી**
**અહીં આપણે તો જવું હતું**
**ફક્ત એકમેકના મન સુધી"**

- તમારી આસપાસના ભાંતિ ભાંતિના લોકો જે આપણાં છે તેમની સાથે નદી અને નાવ જેવો સંયોગ બનાવવા માત્ર એક ડગલું ભરો. આપણાં લોકો આપણાથી બહુ દૂર હોતાં નથી. હાથ લંબવી તો જુઓ!

- તારી સ્વાતિ

## ચીને પોતાના સરંક્ષણ બજેટમાં ચાર ગણો વધારો કર્યો

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકી થિંક ટેન્કે દાવો કર્યો છે કે ચીને છેલ્લા એક દશકમાં પોતાના સરંક્ષણ બજેટમાં ચાર ગણો વધારો કર્યો છે. આની સાથે જ લશ્કરી ખર્ચના મામલામાં ચીન સૌથી આગળ નીકળી ગયું છે. ભારત, જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનને પાછળ છોડીને ચીને બાજી મારી દીધી છે. વોશિંગ્ટન સ્થિત સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીજે પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષોમાં એટલે કે વર્ષ ૨૦૦૦ બાદથી આ પાંચ દેશોના સરંક્ષણ ખર્ચ બે ગણો થયો છે. વર્ષ ૨૦૧૧માં આ તમામ દેશોએ સરંક્ષણ ઉપર કુલ મળીને આશરે ૨૨૪ અબજ અમેરિકી ડૉલરનો ખર્ચ કર્યો હતો. વર્ષ ૨૦૦૫થી પહેલાં જાપાનના સરંક્ષણ બજેટને સૌથી જંગી ગણવામાં આવતો હતો પરંતુ હવે ચીને બાજી મારી દીધી છે. ચીન સરંક્ષણના ક્ષેત્રમાં તેના ખર્ચમાં સતત વધારો કરી રહ્યું છે. આવનાર દિવસોમાં પણ ચીન તેના ખર્ચમાં સતત વધારો કરે તેવી શક્યતા છે.

૨૦૧૧માં આ તમામ દેશોએ સરંક્ષણ ઉપર કુલ મળીને ૨૨૪ અબજ અમેરિકી ડૉલરનો ખર્ચ કર્યો હતો. ૨૦૦૫થી પહેલાં જાપાનના સરંક્ષણ બજેટમાં ઘણા દેશો ચીનથી આગળ હતા. હવે ચીને તમામને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે.

## વૈશાલી એક્સપ્રેસના સૈકડો યાત્રીઓનો સહેજમાં બચાવ

લખનૌ, તા.૧૭

બરૌની-નવી દિલ્હી ૧૨૫૫૨ સુપર ફાસ્ટ વૈશાલી એક્સપ્રેસના સૈંકડો યાત્રીઓને આજે સહેજમાં બચાવ થયો હતો. જનરલ કમ્પાર્ટમેન્ટ પૈકીના એકમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જો કે સમયસર આગ અંગે માહિતી મળી જતાં મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. રેલવે અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે આ બનાવ મંગળવારે મોડી રાત્રે બન્યો હતો. એ વખતે આ ટ્રેન લખનૌઉથી ૧૧૯ કિલોમીટરના અંતરે સ્થિત ગોન્ડા માટે બસ્તીથી રવાના થઈ ચૂકી હતી. ટ્રેન પોતાની રૂટિન ઝડપથી આગળ વધી રહી હતી એ વખતે જ ધુમાડા અને સ્પાર્ક દેખાતા સ્ટાફના લોકો સાવધાન થઈ ગયા હતા. જનરલ



કમ્પાર્ટમેન્ટમાં એક પંખા પરથી સ્પાર્કથી આ વાત જાણવા મળી હતી. ઝડપથી આગ આની સાથે જ ફેલાઈ હતી પરંતુ યાત્રીઓએ ઈમરજન્સી ચેનનો ઉપયોગ કર્યો હતો. આનાથી પણ ટ્રેન રોકાઈ ન હતી. એ જ ગાળામાં દહેશતમાં મૂકાયેલા યાત્રીઓએ બૂમાબૂમ મચાવી દીધી હતી. ગાર્ડે આની નોંધ લીધી હતી અને ટ્રેનને રોકવા વોકીટોકી પર ડ્રાઈવરને જાણ કરી હતી.

ડ્રાઈવરે તરત જ ટ્રેનને અટકાવી હતી. ડિવિઝનર રેલવે મેનેજર વિનોદ કુમાર યાદવે કહ્યું છે કે તમામ યાત્રીઓ બિલકુલ સુરક્ષિત છે. ટ્રેનમાં આગ ફાટી નીકળવાના બનાવમાં તપાસ હાથ ધરવામાં આવી છે. લખપતરાય રેલવે સ્ટેશન ખાતે પણ અફડાતફડી મચી ગઈ હતી. ઈલેક્ટ્રીક ઓવર ચાર્જિંગના કારણે આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર મામલામાં તપાસનો આદેશ પણ કરી દેવામાં આવ્યો છે. ટ્રેનમાં આગ લાગવાના બનાવો હાલમાં વધી ગયા છે. ગઈકાલે જ કર્ણાટકમાં પણ આવો જ એક બનાવ બન્યો હતો જેમાં બે લોકોના મોત થયા હતા. હવે આજે ઉત્તર પ્રદેશમાં ટ્રેનમાં આગ ફાટી નીકળવાનો બનાવ બન્યો હતો જેમાં સૈકડો યાત્રીઓના સહેજમાં બચાવ થયો હતો. ભારતીય રેલવેની હાલત કફોડી બનેલી છે.

## સોનામાં ફરીથી ૧૫૦, ચાંદીમા ૨૦૦નો સુધાર

દિલ્હી, તા. ૧૭

છેલ્લા પાંચ દિવસની નકારાત્મક કારોબાર કરી રહેલ અમદાવાદ સોના-ચાંદી બજારે બુધવારે થોડા ઘણા અંશે રિકવરી કરી હતી. બુધવારે અમદાવાદ માર્કેટમાં ત્રણેય ધાતુઓમાં ધૂમ ખરીદી જોવા મળી હતી. જેના પરિણામે દિવસના અંતે ત્રણેય ધાતુઓ નોંધપાત્ર સુધારા સાથે બંધ રહી હતી. સર્વ પ્રથમ સોનાની વાત કરીએ તો બુધવારે અમદાવાદ માર્કેટમાં સોનામાં સકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો. અને દિવસનાં અંતે ૧૦ ગ્રામ સોનાનાં ભાવ રૂપિયા ૧૫૦ના ઉછાળા સાથે રૂપિયા ૩૧૩૫૦ થી ૩૧૪૫૦ની સપાટીએ બંધ રહ્યા હતા. જે છેલ્લા પાંચ દિવસના ઘટાડાના અંતે મંગળવારે રૂપિયા ૩૧૨૦૦ થી ૩૧૩૦૦ની નીચી સપાટીએ બંધ હતા. જ્યારે ચાંદીની વાત કરીએ તો બુધવારે અમદાવાદ માર્કેટમાં ચાંદીમાં પણ સકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો. જેનાં પરિણામે દિવસના અંતે પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૨૦૦ના સુધારા સાથે રૂપિયા ૫૯૦૦૦ થી ૫૯૫૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા જે મંગળવારે રૂપિયા ૫૮૮૦૦ થી ૫૯૩૦૦ની નીચી સપાટી ઉપર સ્થિર હતા. આમ પાંચ દિવસ બાદ ફરી એકવાર સોના-ચાંદી બજારમાં ફરી એકવાર રિકવરી થતા રોકાણકારોએ હાશકારો અનુભવ્યો છે.

## સમાચાર ઝલક

- **અમદાવાદ-મુંબઇ બુલેટ ટ્રેનની દરખાસ્ત અટવાઇ, મહારાષ્ટ્રની સરકારને રસ નથી.**
- **રૂા.૨.૪૪ લાખમાં મારૂતિ અલ્ટ્રો-૮૦૦ મળશે.**
- **ગેસના બાટલાનો ભાવ સબસીડી વિનાનો રૂા. ૧૦૦૦/- ટૂંક સમયમા થશે.**
- **મિશ્ર ઋતુના પરિણામે જુદા જુદા રોગો વધ્યાં.**
- **પૂ.મોરારિ બાપુની નાદુરસ્ત તબિયત, રામકથા રદ્દ.**
- **પેટ્રોપપંપ વિક્રેતાઓનાં આંદોલનનો અંત.**
- **રાજયના છેલ્લા બે માસના કોમી છમકલાની વિગતો મેળવતું ચૂંટણીપંચ.**
- **કરીના કપૂરનો સાચાં હીરાનો વેડીંગ સેટ રાજકોટમાં ઘડાયો.**
- **વિશ્વમાં બે અબજથી વધુ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે.**
- **અદાણી કંપનીનાં મુંદ્રા સેઝની મંજૂરી પાછી ખેંચતી કેન્દ્ર સરકાર.**
- **નવરાત્રિમાં ફીટ અને હીટ રહેવા પૂરતી ઊંઘ અને હળવો સૂકો નાસ્તો શ્રેષ્ઠ આરોગ્યની ચાવી.**
- **હરિયાણાનાં ખેતમજૂર રામજીત ૯૬ વર્ષની ઉંમરે બીજા સંતાનનાં પિતા બન્યાં.**
- **પહેલાં નોરતાંથી નવરાત્રીનો રંગેચંગે શુભારંભ.**
- **કબૂતરબાજીમાં બે વર્ષમાં ૭૦થી વધુ પકડાયા.**
- **પાક મરીનનો આતંક ૧૩ બોટ સાથે ૭૬ માછીમારોના અપહરણ. ૧ બોટમાં ૬૩ને છોડી મૂક્યાં.**
- **આચારસંહિતાની સાથે કોઇ બાંધછોડ નહીં કરાય.**

## ટુજીના પ્રકરણમાં જેપીસીની બેઠક તોફાની બનશે

નવી દિલ્હી, તા. ૧૭

દેશભરમાં ચકચાર મચાવનાર ટુ જી સ્પેક્ટ્રમ કાંડની તપાસ કરી રહેલ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ની આવતીકાલે મળનારી બેઠક તોફાની બને તેવી પૂરેપૂરી શક્યતા છે. સાક્ષી તરીકે નાણામંત્રી પી. ચિદમ્બરમને બોલાવવાની માંગ પર આવતીકાલે બેઠકમાં હોબાળો થવાની સંભાવના છે. લોકસભા સ્પીકર મીરાકુમાર દ્વારા ચિદમ્બરમને સમિતિ સમક્ષ બોલાવવાના મુદ્દે દરમ્યાનગીરી કરવાનો ઈનકાર કરી દેવાયા પછી આવતીકાલની બેઠકમાં આ મુદ્દો ફરી ઉઠશે. આ મુદ્દે કોંગ્રેસના પી. સી. ચાકોના નેતૃત્વ હેઠળની જેપીસીમાં ઉગ્ર મતભેદો છે. સિતિમાં સામેલ ભાજપના છ એ છ સભ્યો વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ અને નાણામંત્રી ચિદમ્બરમને સાક્ષી તરીકે બોલાવવા પર ભાર આપી રહ્યા છે. જ્યારે ડાબેરી અને બસપા માત્ર નાણામંત્રીને જ બોલાવવાના પક્ષમાં છે. ચાકોએ વડાપ્રધાનને સમિતિ સમક્ષ બોલાવવાની માંગ ફગાવી દીધી છે. જેપીસીની ગત બેઠક ૧૧મીના રોજ મળી હતી. સમિતિના ભાજપના સભ્યોએ સાક્ષીઓની યાદીને અંતિમ રૂપ આપવા અને વડાપ્રધાન તેમજ ચિદમ્બરમને તેમાં સામેલ કરવાના ચાકોનો ઈન્કારના વિરોધમાં બેઠકનો બહિષ્કાર કર્યો હતો.

**નિરામય** (પાના નં. ૪ નું ચાલુ)

- યોગ્ય માત્રામાં જ ખોરાક આપવો.
- માતાએ પોતાને કબજીયાત ન થાય તેનું ધ્યાન રાખવું.
- જો માતાનું દૂધ પચવામાં ભારે હોય તો માતાએ યોગ્ય ઉપચારો દ્વારા સ્તન્યશોધન કરાવવું.
- બાળકને ક્રમશઃ નિયમિતપણે મળત્યાગની આદત પડાવવી.
- દૂધ પીતા બાળકને માતાએ આહારમાં દૂધ, ફળ, ઘઉં, ચોખા, મગ, તુવેર આદિ પુરતાં પ્રમાણમાં લેવા.
- બાળકને હળવો વ્યાયામ, ચલાવવું, પગ ઊંચા-નીચા કરવા આદિ કરાવવું.

બાળકને કબજીયાત થઇ હોય તો બાળકને ઉપચાર સ્વરૂપે તીવ્ર વિરેચન યોગો ન આપવા. આવા યોગો આપવાથી બાળકના પાચનતંત્રને નુકશાન પહોંચી શકે છે. બાળકની કબજીયાત માટે નીચે વર્ણિત યોગો આપી શકાય.

- ગરમાળાની શીંગની ચાર-પાંચ ગર્ભવાળી કાતરી કાઢી, પાણીમાં ઉકાળો, સવારે નરણાં કોઠે અને જરૂર પડ્યે સાંજે બે-ત્રણ ચમચી આ પાણી આપવું.
- મોટી હરડેનો ઘસારો કરી તેમાં એકાદ દ્રાક્ષ પીસીને તેને દૂધમાં ઉકાળીને કે એમને એમ આપવી.
- અર્ધી ચમચી ગુલકંદને ગરમ દૂધ સાથે આપવાથી પેટ સાફ આવશે. બાળકને ગુલકંદ ભાવશે પણ ખરૂં. ગુલકંદ પ્યોર હોવું જોઇએ.
- સોના મુખીના પાન, હીમેજ તથા થોડું સંચળ ઉકાળીને અર્ધી ચમચી આપવું.
- અશ્વ કંચુકીની ૧-૨ ગોળીઓ જરૂર મુજબ પાણી સાથે આપવી.
- આ ઉપરાંત બજારમાં તૈયાર એવી ગ્લીસરીનની વાટ મળે છે. જે ગુદામાં મુકવાથી મળ મલાવરોધ દૂર થાય છે.

ઘણી વખત અનેકાનેક ઉપચારો થતા બાળકોની કબજીયાત દૂર થતી નથી, આવા કિસ્સાઓમાં બાળકની પાચનતંત્રનું પરિક્ષણ કરાવવું જરૂરી બને છે. આ માટે વિશેષજ્ઞોની સલાહ મુજબ ઉપચારો કરવા સલાહ ભર્યા છે.